હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

પુજારીજી... હું રેસીપી બૂકમાંથી વાનગી શીખું છું... એમાં લખ્યું છે... લોટ બાંધી, બે ઘંટા ફ્રીજમાં મુકવા...!! ... તો હું આ બે લઈ જાઉ... સાંજે પાછા..!!

શહેરમાં સમાવિષ્ટ ગામોમાંથી ૧૧ ટન ઘન કચરાનો નિકાલ

બે ઈસમો સામે દંડનીય કાર્યવાહી કરાઈ : દુકાનદારોને ડસ્ટબીન અપાયા તેમજ હવે ડોર ટુ ડોર અભિયાન પણ શરૂ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં હાથ ધરાયેલ સફાઈ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧૧ ટન ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં સફાઈની કામગીરી સહિતના પ્રશ્નો પર ધ્યાન નહિ આપવામાં આવતુ હોવાના ગંભીર આક્ષેપો થતાં તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ગત સપ્તાહથી સઘન સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ગ્રામજનોને હવે ડોર ટુ ડોર કચરા એકત્રીકરણની કામગીરીની સમજ આપી દુકાનદારોને ડસ્ટબીનનું પણ વિતરણ શરૂ કરવામાં આવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારના કેટલાક હિસ્સામાં જે.સી.બી.ની મદદથી સફાઈ કામગીરી કરવાની ફરજ પડી હતી. તંત્રએ સ્વચ્છતા મિશન અંતર્ગત આદિવાડા ખાતે તો ખાસ શિબિરનું પણ આયોજન કર્યુ હતુ. ફતેપુરા ગામે તો ગંદકી ફેલાવતા બે ઈસમો સામે દંડનીય કાર્યવાહી પણ તંત્ર દ્વારા કરવામાં આવી હતી.

શહેરી વિસ્તારો સમાવિષ્ટ ઈન્દ્રોડા, ધોળાકુવા તેમજ ગોકુળપુરા વિસ્તારમાં સૌથી વધુ ઘનકચરો મળ્યો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. તંત્ર દ્વારા હવે ગ્રામ્ય વિસ્તારમાં પણ ડોર ટુ ડોર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરમાં ૨૧ થી ૨૪ દરમ્યાન યોજાનાર સ્પીકર્સ કોન્ફરન્સની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સ્વર્ણીમ પાર્કમાં રોશની પણ કરાશે. આ કોન્ફરન્સને લઈ લોકસભા સચિવાલયની એક ખાસ શાખા પણ વિધાનસભા ખાતે કાર્યરત કરાઈ છે.

● ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખનો મામલો મહિનાના અંતે ઉકેલાશે.

● રાજયના મુખ્ય સચિવે આજે ગુણોત્સવમાં રજુ થયેલા પ્રશ્નોને લઈ ખાસ વિડીયો કોન્ફરન્સ યોજી હતી.

● રાજયના જિલ્લા વિકાસ અધિકારીઓની કોન્ફરન્સ ૨૧મીએ ગાંધીનગર ખાતે મળશે.

● રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આજે પત્રકારો સાથે ગેટ ટુ ગેધરનો કાર્યક્રમ કોમ્યુનીટી સેન્ટર ખાતે યોજેલ છે.

● રૂપાલના પ્રસિદ્ધ વરદાયિની માતાના પુનઃ જીર્ણોદ્ધારના શિલાન્યાસ પ્રસંગે ભાજપના આગેવાનો મોટી સંખ્યામાં જનાર છે.

● ગાંધીનગર શહેર આજે રાજયનું સૌથી ઠંડુગાર શહેર બન્યુ હતુ.

કોંગ્રેસના આજે સ્વાભિમાન ધરણા ચાંપતો પોલીસ બંદોબસ્ત

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા બુધવારે બપોરે ગાંધીનગર શહેરના સેકટર-૬ ખાતે સત્યાગ્રહ છાવણીમાં એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી. સમાજના સ્વાભિમાનના ધરણાનો કાર્યક્રમ રાખ્યો છે. હજારો કોંગી કાર્યકરો ગાંધીનગર આવે તેવી શકયતાને પગલે શહેરમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ૩૦૦થી વધુ પોલીસ બંદોબસ્તમાં તૈનાત કરવામાં આવી છે.

આજે કોંગ્રેસ આયોજિત ઓબીસી, એસ.સી., એસ.ટી.ના ધરણાં ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઓબીસી, એસ.સી., એસ.ટી. સેલ દ્વારા ગાંધીનગર ખાતેની સત્યાગ્રહ છાવણી ખાતે સ્વાભિમાન ધરણાનો કાર્યક્રમ આપવામાં આવેલ છે. પ્રદેશ સમિતિ દ્વારા યોજાયેલ આ ધરણાનો કાર્યક્રમ બપોરે બે વાગે શરૂ થશે. આ ધરણાના કાર્યક્રમમાં ધારાસભ્યો, સંગઠ્ઠનના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાશે. આ ધરણાનેસ્વાભિમાન ધરણા એવુ નામ આપવામાં આવ્યું છે.

આ ધરણાના કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા કોંગ્રેસના આગેવાનો દ્વારા ગામેગામ બેઠકોનો દોર યોજવામાં આવ્યો છે. આ માટે ખાસ શમિયાણો પણ તૈયાર કરવામાં આવ્યો છે. આ ધરણામાં અધિકારોની માંગ સાથે સ્વાભિમાનની વાતો નેતાઓ દ્વારા કહેવામાં આવશે. બે કલાક સુધી આ ધરણાનો કાર્યક્રમ ચાલશે. આ ધરણાને અંતે જિલ્લા કલેક્ટરને આવેદન-પત્ર તેમના અધિકારોને લઈ આપવામાં આવશે.

ગાંધીનગરના રાંધેજા માર્ગ પર ઘૂંઘટ હોટલ પાસેના રેલવે ક્રોસીંગ પર આજે ફાટક તુટી જતા ચક્કાજામ ટ્રાફિક જામ થયો હતો. ફાટક ખોલતી વખતે તુટી જવાથી લાંબા સમયથી ઉભેલા વાહનચાલકોમાં રોષની લાગણી ફેલાઈ હતી. ટુ-વ્હીલર ચાલકોએ તો તુટેલા ફાટક તળેથી પણ પોતાના વાહન કાઢી લેવાનુ જોખમ ખેડ્યું હતું.

દલિત છાત્રની આત્મહત્યા સંદર્ભે કોંગ્રેસે ગાંધીનગરમાં યોજેલા ધરણા

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી ડૉ. કૌશિક શાહ અને શહેર કોંગ્રેસ સમિતિના એસ.સી.સેલના સાનીધ્યમાં કાર્યક્રમ યોજાઈ ગયો. ધરણામાં શહેર કોંગ્રેસ અને સેલના કાર્યકરો-હોદ્દેદારો દ્વારા મોટી સંખ્યામાં હાજર રહી ધરણા અને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા. ડૉ. કૌશિક શાહ, પ્રમુખ અશોક શ્રીમાળી ચેરમેન એસ.સી. સેલ વિરોધપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, ઝોન પ્રમુખ રાજેન્દ્રસિંહ ચાવડા, તેજાભાઈ દેસાઈ, ભાનુબેન રોહિત, કે.પી. સોલંકી, વિજયભાઈ સોલંકી, મિતુલ જોષી, ચિમનભાઈ વિઝુંડા, એલ.એન. પરમાર, એન.ડી. મકવાણા, અજીત પરમાર, અનીતા સોલંકી, જશીબેન શ્રીમાળી, વિમળા વેગડા, ધર્મિષ્ઠા મકવાણા, મુકેશભાઈ પટેલ, નવીન પટેલ, મેહુલ પટેલ, હેનીશ રાઠોડ અને જગદીશ પરમાર ચેરમેન એસ.સી. સેલ, પિન્કીબેન, અંકીત બારોટ, અશ્વિન રાઠોડ, શ્રી મેરૂજા, જીતુભાઈ સોનીભાઈ ખજાનચી, હસમુખ મકવાણા વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

જૂના સચિવાલય ખાતે કેન્દ્રીય ભંડાર સ્ટોર્સનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૯

ભારત સરકારની લોક કલ્યાણ યોજનાઓના ભાગરૂપે ભારતના બધા રાજયો અને સંઘ પ્રદેશોમાં આમ જનતાની બહુમુલ્ય સેવામાં કેન્દ્રીય ભંડાર કાર્યરત છે ત્યારે કેન્દ્રીય ભંડારના સ્ટોરનું ડૉ.જીવરાજ મહેતા ભવન બ્લોક નં. ૪ ભોંયતળીયે જૂના સચિવાલય ખાતે માર્ગમકાન મંત્રી નીતિન પટેલના દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

બધાને સુવિદીત છે કે કેન્દ્રીય ભંડારનો મુળભુત ઉદ્દેશ આમજનતાની જરૂરીયાત તથા ગુણવત્તા વાળી ચીજવસ્તુઓ (મેક ઈન ઈન્ડિયા)ના માધ્યમથી જેમ કે ગૃહઉદ્યોગ/નાના રાજયાના એકમો/ એસઆઈએસ/અંધજન/બહેરા મુંગા સંસ્થા એનએસઆઈસી/ એમએસએમઈ એકમો પાસેથી ખરીદ કરી ઓછી કિંમતે અને ક્રેડિટ બેઈઝ પર સરકારી એકમો/ ઈન્સ્ટીટયુટને યોગ્ય કિંમતે પુરી પાડે છે. કેન્દ્રિય ભંડાર પારદર્શી કાર્ય પધ્ધતિને કારણે માલ સામાનની ગુણવત્તા જાળવી રાખે છે જયારે પણ જીવન જરૂરિયાત ચીજ વસ્તુના ભાવ વધતા હોય ત્યારે કેન્દ્ર સરકાર કેન્દ્રિય ભંડાર દ્વારા સૌથી ઓછી કિંમતે ચીજ વસ્તુઓ પૂર્ણ કરે છે.

માર્ગ અને મકાન મંત્રી નીતિનભાઈ પટેલે કેન્દ્રિય ભંડાર વિષે આ ક્ષેત્રમાં થયેલ વિકાસની રૂપરેખા આપી ઉદબોધનમાં જણાવ્યું કે ગાંધીનગર ખાતે શરૂ થનાર કેન્દ્રિય ભંડાર સ્ટોરના કારણે આમજનતાને તથા ગુજરાત સરકારના વિભાગોને ઓછી કિંમતે સારી ગુણવત્તા વાળી ચીજ વસ્તુઓ પૂર્ણ કરાશે, અહીં શરૂ થનાર સ્ટોરનો ફકત ગાંધીનગરમાં જ નહીં પરંતુ આજુ બાજુના પ્રદેશોને પણ ખ્યાતિ રૂપ થઈ રહેશે.

આ પ્રસંગે કેન્દ્રિય ભંડારના વિભાગીય મેનેજર મયંક ઠાકર તથા સ્ટાફ અને સપ્લાયર્સ તેમજ મેયર હંસાબેન મોદી ઉપસ્થિત રહ્યા હતાં.

ગાંધીનગરમાં યોજાઈ સીમેટ પરીક્ષા

ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારામાં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ કો ઓપરેટીનવ મેનેજમેન્ટ ખાતે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજયુકેશન-એઆઈસીટીઈ દ્વારા કોમન મેનેજમેન્ટ એડમિશન ટેસ્ટ સીમેટની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતના માનવ સંશાધન મંત્રાલય દ્વારા એઆઈસીટીઈ અંતર્ગત ટેકનીકલ ક્ષેત્રે એમબીએ અને એમસીએની પ્રવેશ પરીક્ષા માટે સીમેટનું આયોજન કરવામાં આવે છે. આ પરીક્ષા માટે દેશભરમાંથી ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ આવ્યા હતાં.

મા અન્નપૂર્ણા ધામમાં વૈદિક મંત્રોચ્ચારોના બુલંદ નાદથી ભૂદેવોના માંગલિક પ્રસંગો દીપી ઉઠયા

૧૨ નવયુગલોના પ્રભુતામાં પગલાં તથા ૪૧ બટુકોના યજ્ઞોપવિત સંસ્કારનું ભવ્ય આયોજન થયું, પોલીસની ગેરહાજરીમાં અસામાજીક તત્વોનો હાથફેરો રૂડા અવસરમાં કલંક રૂપ બન્યો

ગાંધીનગર, તા.૧૯

શ્રી દંઢાવ્ય ઔદિચ્ય સહસ્ત્ર છોત્તેર બ્રહ્મસમાજ હિતવર્ધક મંડળ દ્વારા મહેસાણાના અંબાસણ ખાતે શ્રી અન્નપૂર્ણા માતાજી મંદિરમાં ૧૨મો સમૂહ લગ્નોત્સવ તથા યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ યોજાઈ ગયો. રવિવારના રોજ સમાજના લોકોની મોટી સંખ્યામાં હાજરી વચ્ચે વૈદિક મંત્રોચ્ચારોના બુલંદ ધ્વનિના નાદથી આ માંગલિક પ્રસંગ દીપી ઉઠયો હતો. સમાજના પ્રમુખ, અન્નપૂર્ણા મંદિરના પ્રમુખ તથા કારોબારી સભ્યોના કુશળ વહીવટ થકી સ્વયં સેવકોનો અથાક પરિશ્રમ આ સમારોહમાં ઉજાગર થયો હતો. જો કે પોલીસની ગેરહાજરીનો લાભ ઉઠાવી કેટલાક અસામાજીક તત્વોએ હાથફેરો કરી લેતા કિંમતી મોબાઈલ ગુમાવનારાઓમાં ઉદાસી છવાઈ હતી અને આ ઘટના કલંક રૂપ બની હતી.

મહેસાણા માર્ગ ઉપર આવેલ માં અન્નપૂર્ણા અંબાસણ ખાતે દંઢાવ્ય ઔદિચ્ય સહસ્ત્ર છોત્તેર બ્રહ્મસમાજનો સમૂહ લગ્નોત્સવ તથા યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયો હતો. આલીશાન શામીયાણામાં યોજાયેલ આ માંગલિક પ્રસંગમાં સમાજમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતાં હૈયે હયું દળાય તેવી સ્થિતિ ઉભી થઈ હતી. આ સમારોહમાં ૧૨ નવયુગલોએ મીંઢળબધ્ધ બની નવજીવનની નવયાત્રા શરૂ કરી છે તો ૪૧ નાનકડા બટુકોએ યજ્ઞોપવિત ધારણ કરી સંસ્કારીતાના સબક પ્રાપ્ત કર્યા છે. બહુ મોટા પાયે થયેલા આ શ્રેષ્ઠ આયોજનમાં ગણેશ સ્થાપન, મંડપ મુહુર્ત, ગ્રહશાંતિ, યજ્ઞોપવિત, હસ્ત મેળાપ, બટુકયાત્રા, કન્યા વિદાય, ભોજન સમારંભ તથા સન્માન સમારોહ જેવા પ્રસંગો યોજાયા હતા.

દાતાઓએ સમાજની ઝોળી ભરાય તેટલું દાન આપી પોતાની નૈતિક ફરજ અદા કરી સમાજ પ્રત્યેની શ્રેષ્ઠ ભાવનાના દર્શન કરાવ્યા હતા. ભૂદેવોનો પ્રસંગ હોય ત્યારે વૈદિક મંત્રોચ્ચાર એ યજમાનો માટે કાર્ય સફળતા માટે પ્રેરણા બન્યા હતા. નવદંપતિઓ અને બટુકોને પણ દાતાઓએ વિવિધ ભેટ આપીને બિરદાવ્યા હતા. સમાજમાંથી સૌ માટે ઉપયોગી બનવા- સેવા જેવો મનોરથ ધારણ કરેલા વિવિધ આમંત્રિત મહેમાનોનું આ પ્રસંગે સન્માન કરાયું હતું. સમાજના આ ભગીરથ કાર્યમાં મદદરૂપ થનાર દરેકનો આભાર વ્યકત કરી સમાજના પરિશ્રમી અને દુરંદેશી પ્રમુખ મહેન્દ્રભાઈ પંડયા ભાવુક બન્યા હતા. સમાજના સહમંત્રી રવિશંકર જોષી, પ્રફુલચંદ્ર મહેતા, સંગઠન મંત્રી રાકેશકુમાર પંડયા, નવિનચંદ્ર મહેતા, ખજાનચી પૂનિતભાઈ વ્યાસ, આંતરિક ઓડીટર પુરૂષોત્તમ આચાર્ય સમુહ લગ્ન કન્વીનર વિમલકુમાર જાની, કાર્યાલય ઈન્ચાર્જ કિર્તીકુમાર રાવલ તથા કારોબારી સભ્યો અને અન્નપૂર્ણા મંદિરના પ્રમુખના સફળ સંચાલન થકી પ્રસંગ સફળતાને વર્યો હતો.

ગાંધીનગરમાં દિવસે દિવસે ટ્રાફિક સમસ્યા વધી રહી છે. ખુલ્લા રસ્તાઓ પર બેફામ ગતિએ દોડતા વાહનો દ્વારા વારંવાર અકસ્માતો થયા જ કરે છે. રવિવારે સેક્ટર-૧૨-૧૩ ચોકડી પાસે એક રિક્ષાચાલકે ખોટી રીતે રીક્ષાને ઓવરટેક કરતા પસાર થતી વેગનઆર કાર સાથે ટક્કર મારી હતી. પરિણામે રીક્ષામાં બેઠેલા મુસાફરોને ઈજાઓ થઈ હતી. જેમને ૧૦૮ દ્વારા સીવીલ હોસ્પિટલમાં સારવાર આપવા લઈ જવાયા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

દહેગામમાં સગર્ભા બહેનોને મચ્છરદાની અપાઈ

ગાંધીનગર, તા. ૧૯

વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત દહેગામ ખાતે મેલેરિયા શાખા જિલ્લા પંચાયત, ગાંધીનગર અને તાલુકા આરોગ્ય કચેરી દહેગામ દ્વારા દહેગામ તાલુકાની સગર્ભા માતાઓને મચ્છરદાની વિતરણ અને જોખમી માતાની તપાસ અને સારવાર માટેનો કેમ્પ યોજાયો.

આ કેમ્પમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન લી. ગાંધીનગર તરફથી તાલુકાની તમામ સગર્ભા બહેનોને મચ્છરદાની દાનમાં આપવામાં આવી તથા તમામ સગર્ભા બહેનોને એ.પી.એમ.સી. દહેગામના ચેરમેન સુમેરૂભાઈ અમીન તરફથી પૌષ્ટીક આહાર આપવામાં આવેલ.

આ સમારંભમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી કૌશિક ભીમજીયાણી, કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશનના ડી.જી. એમ. શ્રી ભરતભાઈ મોદી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આર.સી.એચ.ઓ. શ્રી એ.ડી.એચ.ઓ. શ્રી, જિલ્લા મેલેરિયા અધિકારીશ્રી, દહેગામના ખાનગી હોસ્પિટલના સ્ત્રી રોગ નિષ્ણાત ડૉક્ટરો, બાળ રોગ નિષ્ણાંત, ડૉક્ટર, સી.એચ.સી.ના સુપ્રિટેન્ડન્ટ, એ.પી.એમ.સી. દહેગામના ચેરમેન સુમેરૂભાઈ અમીન, નંદુભાઈ પટેલ હાજર રહેલ.

જિલ્લા મેલેરિયા અધિકારીશ્રી મમતાબેને દવાયુક્ત મચ્છરદાનીના ઉપયોગ અને અગત્યતા વિશે સગર્ભા બહેનોને સમજ આપી. જિલ્લા વિકાસ અધિકારીશ્રી કૌશિક ભીમજીયાણીએ સગર્ભા બહેનોને મચ્છરદાની વાપરવા માટે ખાસ ભાર મુક્યો હતો. તેમજ કલ્પચરૂ પાવર ટ્રાન્સમીશનના ડી.જી. એમ. શ્રી ભરતભાઈ મોદીએ આવી મચ્છરદાની જિલ્લાના બીજા તાલુકાઓમાં પણ આપવા માટે સહયોગ આપવાની જાહેરાત કરી હતી.

દહેગામના ખાનગી હોસ્પિટલના સ્ત્રી રોગ નિષ્ણાંત ડૉક્ટરો, બાળ રોગ નિષ્ણાત ડૉક્ટર દ્વારા આ કેમ્પમાં સેવાઓ આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં સફળ સંચાલન તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. આર.કે. પટેલ દ્વારા કરવામાં આવેલ હતું.